Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com

Volume - 1

# "શાસ્ત્રાર્થનું સ્વરૂપ અને આદિ શંકરાચાર્યના શાસ્ત્રાર્થ"

શાસ્ત્રાર્થ કે વાદવિવાદ એટલે સત્યની સ્થાપના કે અસત્યનું ખંડન. પ્રાચીન ભારતીય પરંપરામાં શાસ્ત્રાર્થનું પ્રયોજન સમાજના ઉધ્ધાર અને જ્ઞાનના વિકાસ માટે જોવા મળતું હતું. જેથી સમાજનું જ્ઞાન અને વિકાસ ગતિમાન રહેતું. તેવા શાસ્ત્રાર્થો આજના સમયમાં ભાગ્યે જ જોવા મળે છે. માટે, તેને જાણવા ન્યાયદર્શનમાં નિરૂપિત શાસ્ત્રાર્થના સ્વરૂપને સમજાવી અખંડ ભારતમાં થયેલા અનેક શાસ્ત્રાર્થો – જેમાં મુખ્ય રીતે આદિ શંકરાચાર્યનાં કેટલાંક શાસ્ત્રાર્થને રજૂ કરવામાં આવ્યા છે.

**શાસ્ત્રાર્થનું સ્વરૂપ : -**

ભારતીય જ્ઞાનપરંપરા એટલી સમૃદ્ધ છે કે, મનુષ્યને તેના સંપૂર્ણ જીવનકાળમાં આવતી અનેક મૂંઝવણોનું સમાધાન તેમાંથી મળી રહે છે. આ જ્ઞાનપરંપરામાં જ્ઞાનના વિકાસ માટે અનેક માર્ગોનું સૂચન જોવા મળે છે. જેમાંથી એક 'શાસ્ત્રાર્થ' પણ છે. જેના સ્વરૂપને જાણવા ગૌતમમુનિનું 'ન્યાયદર્શન' ભારતીય દર્શનો અંતર્ગતનું ઉત્તમ દર્શન છે. ન્યાયદર્શનના વાદ, જલ્પ અને વિતંડા એ ત્રણ પદાર્થોને જાણવાથી શાસ્ત્રાર્થના સ્વરૂપને જાણી શકાય છે. જે આ પ્રમાણે છે -

**વાદ** : प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धांताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः ।। (न्याय० १-२-१) અર્થાત્ જ્યારે પક્ષ-પ્રતિપક્ષ કોઈ પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણવા કે સત્ય-અસત્યના નિર્ણય માટે પ્રમાણ-તર્ક સાધન અને અશુદ્ધિઓને દર્શાવવા પાંચ અવયવોની સાથે એવી પ્રશ્નોત્તરી(શાસ્ત્રાર્થ) કરવામાં આવે કે જે સિદ્ધાંતની વિરુદ્ધ ન હોય તેને વાદ કહેવામાં આવે છે. વાદનો ઉદ્દેશ્ય સત્યને જાણવું અને માનવું છે, પારસ્પરિક જય-પરાજયનો નથી. પક્ષ-પ્રતિપક્ષમાં જેનો સિદ્ધાંત તર્ક-પ્રમાણાદિથી સિદ્ધ થઈ જાય તેને બીજો પક્ષ સહર્ષ સ્વીકારે છે.

**જલ્પ** : यथोक्तोपपन्नश्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः ।। (न्याय० १-२-२) અર્થાત્ પ્રમાણ-તર્કાદિ સાધનોથી યુક્ત તેમ જ છલ, જાતિ અને નિગ્રહસ્થાનથી વાદ કરવો તે જલ્પ છે. વાદમાં પ્રમાણ, યુક્તિ વગેરેનો ઉપયોગ જોવા મળે છે, જ્યારે જલ્પમાં છલ, જાતિ અને નિગ્રહસ્થાનનો પણ પ્રયોગ જોવા મળે છે. કારણ કે, વાદનો ઉદ્દેશ્ય પદાર્થના તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી સત્ય-અસત્યનો નિર્ણય અને મુક્ત મનથી સત્ય સિદ્ધાંતને સ્વીકારી લેવાનો હોય છે. પરંતુ જલ્પમાં ઉદ્દેશ્ય સત્યનો સ્વીકાર કરવાના સ્થાને ગમે તે રીતે વિજયી થવાનો હોય છે. માટે આમાં બન્ને પક્ષ પ્રમાણ તર્કાદિની સાથે છલ, જાતિ તેમ જ નિગ્રહસ્થાનનો પણ પ્રયોગ કરે છે.

**વિતંડા** : स प्रतिपक्षस्थापनाहिनो वितण्डा ।। (न्याय० १-२-३) અર્થાત્ જ્યારે વાદ-વિવાદ એવો હોય કે જેમાં સ્વયંના કોઈ સિદ્ધાંત વિના માત્ર અન્યના પક્ષનું ખંડન કરવાનો જ ધ્યેય હોય તેને વિતંડા કહેવાય. વિતંડા દ્વારા ક્યારેય કોઈ પદાર્થનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત ન કરી શકાય. કારણ કે, તેનો ઉદ્દેશ્ય માત્ર પ્રતિપક્ષીને નીચો બતાવવાનો હોય છે, સત્ય સિદ્ધાંતની પ્રાપ્તિનો નહીં.

સંક્ષેપમાં એવું સમજી શકાય કે, વાદનો ઉદ્દેશ્ય સત્યને જાણવું અને માનવું છે, જલ્પનો ઉદ્દેશ્ય છલ વગેરેનો ઉપયોગ કરીને પણ ગમે તે રીતે વિજયી થવાનો છે, તથા વિતંડા દ્વારા પ્રતિપક્ષીનું ખંડન કરીને તેને નીચું બતાવવાનો છે. શાસ્ત્રાર્થના આવા સ્વરૂપોને જણાવી ખરેખર આપણને આપણા વિકાસ માટે કેવો શાસ્ત્રાર્થ કરવો જોઈએ અને કેવો શાસ્ત્રાર્થ ટાળવો જોઈએ તેનું સૂચન જોવા મળે છે. શાસ્ત્રાર્થના સ્વરૂપની ચર્ચા કરી, હવે અખંડ ભારતના શાસ્ત્રાર્થ વિશે ટૂંકમાં જાણી આદિ શંકરાચાર્યના કેટલાંક શાસ્ત્રાર્થ વિશે જાણીએ.

### અખંડ ભારતમાં શાસ્ત્રાર્થ : -

અખંડ ભારતના શાસ્ત્રાર્થોમાં યાજ્ઞવલ્ક્ય – ગાર્ગી, જનક – સુલભા, અષ્ટાવક્ર – બંદી વગેરે અનેક ટૂંકા શાસ્ત્રાર્થો જોવા મળે છે, તો કેટલાય લાંબા સંઘર્ષયુક્ત શાસ્ત્રાર્થો પણ જોવા મળે છે. જેમાં વૈદિકધર્મનો - બૌદ્ધધર્મ અને જૈનધર્મ સાથેનો સંઘર્ષ જાણીતો જ છે. જૈનધર્મનો ઉદય બૌદ્ધધર્મની પૂર્વે થયો હતો, છતાં વ્યાપકતા અને પ્રભાવશાલીનતામાં બૌદ્ધધર્મનો પ્રભાવ વધુ જોવા મળે છે. વિક્રમ પૂર્વે ચોથી સદીમાં મૌર્યોના સમયમાં બૌદ્ધધર્મને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો અને અશોક પ્રિયદર્શીએ તેની શક્તિઓથી બૌદ્ધધર્મનો વિપુલ પ્રચાર કરાવ્યો. જેથી તેનો વિકાસ ખૂબ ઝડપી થયો. મૌર્યોના પતન પછી બ્રાહ્મણવંશી પુષ્યમિત્રએ શૃંગવંશની સ્થાપના કરી, વૈદિકધર્મને પુનઃ જાગૃત કરી. છતાં શૃંગોની કેટલીક સદી પછી કુષાણોનો સમય આવ્યો. તેમાં વિક્રમની પહેલી-બીજી સદીમાં બૌદ્ધધર્મે ફરી વિકાસની ગતિ પકડી અને ચીન-જાપાન સુધીનો પણ વિસ્તાર કર્યો. ભારતીય ધર્મ તથા તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં ગુપ્ત તથા વર્ધન યુગનું વિશેષ મહત્ત્વ છે. આ યુગમાં વૈદિક તથા બૌદ્ધ-જૈન તત્ત્વજ્ઞાનીઓની વચ્ચે ખૂબ જ સંઘર્ષ રહ્યો. આ યુગમાં નાગાર્જુન, વસુબન્ધુ, દિઙ્નાગ તથા ધર્મકીર્તિ જેવા પ્રકાંડ બૌદ્ધ પંડિત થયા. બીજી બાજુ જૈનમત વાળા પણ પોતાના મતની સ્થાપના માટે બીજાના મતનું ખંડન કરતા. વળી, સાતમી સદીમાં બાણભટ્ટે હર્ષચરિતમાં જે પ્રચલિત ધર્મ સંપ્રદાયોના ઉલ્લેખ કર્યા તેમાં મોટાભાગે બધા અવૈદિક જ હતા. આવામાં વેદાર્થની રક્ષા કરવી, વેદના જ્ઞાનકાંડ અને કર્મકાંડનું સયુક્તિક મંડન કરવું, વૈદિક ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરવી તથા શ્રુતિના સિદ્ધાંતોની યથાર્થતા સમજાવવાની અનિવાર્યતા ઊભી થઈ. જેને શંકરાચાર્ય અને કુમારિલ ભટ્ટે જાણી. કુમારિલ ભટ્ટે કર્મકાંડની ઉપાદેયતા અને આવશ્યકતા પ્રમાણિત કરી જ્યારે શંકરાચાર્યે જ્ઞાનકાંડની ગરિમા પ્રગટ કરી, ઉપનિષદોના આધ્યાત્મિક તત્ત્વોનું પ્રતિપાદન યુક્તિઓથી કર્યુ. આમાં કોઈપણ રીતે એ ન ભૂલવું જોઈએ કે, આ સંઘર્ષ તલવારોનો નહીં પરંતુ શાસ્ત્રાર્થનો હતો. જેમાં પક્ષો તેમની તર્ક કુશળતાથી પ્રતિપક્ષની અસારતા જણાવતા હતા.

### ઉત્તરકાશીમાં આદિ શંકરાચાર્ય અને બ્રાહ્મણનો શાસ્ત્રાર્થ : -

જ્યારે ઉત્તરકાશીમાં રહીને શંકરાચાર્ય તેમના શિષ્યોને બ્રહ્મસૂત્રભાષ્યનું અધ્યયન કરાવતા હતા ત્યારે એક દિવસ પ્રાતઃકાળમાં કૃષ્ણવર્ણી એક બ્રાહ્મણ યાત્રા કરતાં-કરતાં ત્યાં પહોંચ્યો અને શંકરાચાર્યને ભણાવતા જોઈને તેમને પૂછ્યું 'તમે કોણ છો ? અને શેનું અધ્યયન કરાવો છો ?' તેમના શિષ્યોએ ઉત્તર આપ્યો કે, 'સમસ્ત ઉપનિષદોના મર્મજ્ઞ અમારા 'ગુરુ' છે, જેણે દ્વૈત મતનું નિરાકરણ કરવા બ્રહ્મસૂત્રો પર અદ્વૈત પરક ભાષ્યની રચના કરી.' આનાં પર બ્રાહ્મણ આશ્ચર્યચકિત થતાં બોલી ઉઠ્યા કે, 'આવા કળિયુગમાં બ્રહ્મસૂત્રોના મર્મજ્ઞને જાણનાર પુરુષ કોણ હોય ? હું, તેની જ શોધમાં હતો. મારા હૃદયમાં એક સૂત્રના અર્થનો સંદેહ છે, જેનું નિરાકરણ કરી સંતુષ્ટ થવું છે.' શંકરાચાર્ય બોલ્યા, 'સુત્રના અર્થને જાણવાની ઈચ્છા વાળા વિદ્વાનને 'હું' નમસ્કાર કરું છું. આ ગૂઢ સૂત્રોના અર્થને જાણવાનો મને અભિમાન નથી છતાં તમારી શંકાનું હું મારી બુદ્ધિ અનુસાર સમાધાન કરીશ.'

આથી બ્રાહ્મણે બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના પ્રથમ પાદના પ્રથમ સૂત્ર - तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम् । ની વ્યાખ્યા પૂછી. શંકરાચાર્યે આ સૂત્રની વ્યાખ્યા કરતા કહ્યું, 'આ શરીરનું મૃત્યુ થતાં જ્યારે જીવ બીજા દેહની પ્રાપ્તિ કરે ત્યારે પંચભૂતોના સૂક્ષ્મ અવયવોથી મુક્ત થઈને જ બીજે જાય છે.'

શંકરાચાર્યની આ વ્યાખ્યા સાંભળીને બ્રાહ્મણે બીજી ઘણી બધી શંકાઓ ઊભી કરી અને તે બધી શંકાઓનું શંકરાચાર્યે નિરાકરણ કર્યુ. આ શાસ્ત્રાર્થ સળંગ સાત દિવસ ચાલ્યો જેમ-જેમ બ્રાહ્મણે સૂત્રોમાં શંકા કરી તેમ-તેમ શંકરાચાર્યે તેનું દ્રઢતાથી નિરાકરણ કર્યુ. આવા શાસ્ત્રાર્થને જોઈને શિષ્યમંડળી ચકિત થઈ ગઈ. છેવટે, બ્રાહ્મણનો સંશય દૂર થયો અને તેમણે શંકરાચાર્યના ભાષ્યને જોઈને ખૂબ જ આશીર્વાદ આપ્યા તથા

**માહિષ્મતીમાં શંકરાચાર્ય અને મંડન મિશ્રનો શાસ્ત્રાર્થ : -**

અદ્વૈતનું જ્ઞાન લોકો સુધી પહોંચે તે હેતુથી કુમારિલ ભટ્ટને પ્રયાગમાં મળ્યા. ત્યાંથી તેમના આદેશાનુસાર મંડન મિશ્રને મળવા શંકરાચાર્ય તેમના શિષ્યો સાથે પ્રયાગથી માહિષ્મતી નગરી પહોંચ્યા. શંકરાચાર્યથી ભિન્ન મતમાં શ્રદ્ધા રાખનાર મંડન મિશ્ર તે સમયે સમસ્ત વિદ્વાનોમાં શ્રેષ્ઠ હતા. તેથી અદ્વૈતના પ્રભાવને પ્રબળ કરવા તેમના પર વિજયી થવું અત્યંત આવશ્યક હતું. તેમને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરવા એટલે સમસ્ત ભારતના પંડિતોને પરાસ્ત કર્યા જેવું. માટે અદ્વૈતના પ્રચાર તથા વિસ્તાર માટે તેમની સહાયતાની આવશ્યકતા હતી. એટલે શંકરાચાર્યે સૌપ્રથમ મંડન મિશ્રને શાસ્ત્રાર્થમાં પરાજિત કરવાનું ઉચિત સમજ્યું. શંકરાચાર્ય અને મંડન મિશ્રના આ શાસ્ત્રાર્થની જાણ થતા જ અનેક વિદ્વાનો મંડન મિશ્રને ત્યાં શાસ્ત્રાર્થ સાંભળવા ભેગા થઈ ગયા. મંડન મિશ્રની ધર્મપત્ની શારદાદેવી વિદુષી હોઈ શંકરાચાર્યે તેમને મધ્યસ્થ બનાવી. શાસ્ત્રાર્થના પૂર્વે બન્ને પક્ષોએ પ્રતિજ્ઞા લીધી પછી શાસ્ત્રાર્થ શરૂ કર્યો. શાસ્ત્રાર્થમાં કોઈપણ પ્રકારના કપટ વિના કે આકાશની સામુ જોયા વિના, બન્ને સમભાવથી આસન પર બેસી, હોઠો પર મંદસ્મિત રાખી, સાવધાન મનથી, એકબીજાના ઉત્તરો આપતા હતા. નિરુત્તર થતા તે વાક્છલનો પ્રયોગ ન કરતા. આમને આમ કેટલાય દિવસો પસાર થઈ ગયા. છેવટે શંકરાચાર્યની સામે મંડન મિશ્ર પરાજયને પામ્યા. મધ્યસ્થ શારદાદેવી પતિદેવની પરાજયથી દુઃખી થવા છતાં કર્તવ્યને ચૂક્યા વિના, શંકરાચાર્યના વિજય પર સ્વીકૃતિ આપી. મંડન મિશ્ર પણ દુઃખી હોવા છતાં, પોતાની પરાજયને સમજાવવા શંકરાચાર્યને આગ્રહ કર્યો અને શંકરના સમાધાનથી સંતુષ્ટ થયા. આમ, સમસ્ત વિદ્વાનોમાં શંકરાચાર્યના પાંડિત્યનો પ્રભાવ પડ્યો અને સંપૂર્ણ ભારતવર્ષમાં તેમની ખ્યાતિ ફેલાઈ. મંડન મિશ્ર સાથેનો તેમનો આ શાસ્ત્રાર્થ ખૂબ જ પ્રસિદ્ધ છે અને મહત્ત્વપૂર્ણ પણ છે. શંકરાચાર્યે તેમની દિગ્વિજય યાત્રાનો પ્રારંભ અહીંથી જ શરૂ કર્યો હતો.

**શારદાદેવી - શંકરાચાર્ય શાસ્ત્રાર્થ : -**

શારદાદેવી પણ શાસ્ત્રાનુશીલન, વ્યાપક પાંડિત્ય, નવીન કલ્પના તથા લોકાતીત પ્રતિભાથી સંપન્ન હતા. અને પોતાની વિદ્વત્તા પર પણ પૂર્ણ વિશ્વાસ હતો. તેથી મંડન મિશ્રની અર્ધાંગિની હોઈ પૂર્ણ વિજયી થવા ‘મને પણ પરાજિત કરો, તો મારા પતિદેવ તમારા શિષ્ય બને’ તેવો શારદાદેવીએ શંકરાચાર્યની સામે શાસ્ત્રાર્થનો પ્રસ્તાવ મૂક્યો. સ્ત્રી સાથે શાસ્ત્રાર્થની ના કહેતાં શારદાદેવીએ યાજ્ઞવલ્ક્ય - ગાર્ગી તથા જનક - સુલભાના શાસ્ત્રાર્થનું ઉદાહરણ આપી શંકરાચાર્યને મૌન કરી દીધા અને શાસ્ત્રાર્થ કરવા પ્રેર્યા. આ શાસ્ત્રાર્થમાં ભારતની સર્વશાસ્ત્ર-વિશારદા શારદાદેવી વાદીની તથા પ્રતિવાદી અલૌકિક પ્રતિભા સંપન્ન શંકરાચાર્ય હતા. જ્યારે મધ્યસ્થ મંડન મિશ્ર રહ્યા. આ બન્નેની વચ્ચે વિવિધ શાસ્ત્રોના અનેક રહસ્યો તથા તથ્યોના વિષયમાં ગુઢ શાસ્ત્રાર્થ ચાલ્યો. શારદાદેવી પ્રશ્ન કરે અને શંકરાચાર્ય તેનો સંતોષકારક ઉત્તર આપે. આમને આમ સત્તર દિવસ સુધી પ્રશ્નો પર પ્રશ્નો અને ઉત્તરો પર ઉત્તરો ચાલ્યા છતાં શંકરાચાર્ય હિમાલયની જેમ દ્રઢ રહ્યા. જ્યારે શારદાદેવીને શંકરાચાર્યની વિલક્ષણતાનું ભાન થયું ત્યારે તેમને અચાનક જ નવીન વિચાર આવ્યો કે, બાળપણથી જ સન્યાસ ગ્રહણ કર્યુ હોવાથી તેના નિયમોનું પાલન કરનાર શંકરાચાર્યને કામશાસ્ત્રનું વળી શું જ્ઞાન હોય ? તેથી કામશાસ્ત્રના પ્રશ્નોથી શંકરાચાર્યને પરાજિત કરી પોતાના પતિદેવ ને પ્રતિજ્ઞાથી મુક્ત કરવાનું વિચાર્યું. આમ, કામશાસ્ત્રના વિવિધ પ્રશ્નો પૂછીને શારદાદેવીએ શંકરાચાર્યને ધર્મ સંકટમાં મૂકી દીધા. તેમની માનસિક દશામાં પરિવર્તન આવી ગયુ, તેઓ નિરુત્તર થઈ ગયા, તેમના માટે વિચિત્ર દશા ઉભી થઈ ગઈ, જો ઉત્તર ન આપે તો અજ્ઞાનતાનો દોષ લાગે અને ઉત્તર આપે તો સન્યાસ ધર્મનો વિનાશ કર્યો હશે એમ થાય. આવા અનેક વિચારો વાળા શંકરાચાર્યે ઉત્તરો આપવા એક માસની અવધિ માંગી, શારદાદેવીએ સહર્ષ સંમતિ આપી. આ અવધિમાં શંકરાચાર્યે અમરુરાજાના શરીરમાં પરકાય પ્રવેશ કરી કામશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને શિષ્યોની સાથે શારદાદેવી પાસે પહોંચ્યા. શારદાદેવીને આ ઘટનાની જાણ

ત્યારબાદ, શંકરાચાર્યે તેમની શિષ્યમંડળી સાથે ભારતની યાત્રાનો પ્રારંભ કર્યો જેમાં તેમણે અવૈદિક મતોનું ખંડન અને અદ્વૈત માર્ગનો પ્રચાર કર્યો.

**સંદર્ભ ગ્રંથો : -**

१) वात्स्यायनभाष्यसंवलितम् गौतमीयं न्यायदर्शनम्, स्वामी द्वारिकादासशास्त्री, बौद्धभारती वाराणसी, २०२०
२) श्रीशंकरदिग्विजयः, आचार्य श्री शिवप्रसाद द्विवेदी, चौखम्बा विद्याभवन वाराणसी, २०१५
३) श्री शङ्कराचार्य, श्री बलदेव उपाध्याय, हिन्दुस्तानी एकेडेमी इलाहाबाद, १९६३

વિશાલકુમાર મનોજકુમાર વાઘેલા
૯૫, રામાપીરના મંદિર પાસે, પીપળજ, અમદાવાદ – ૩૮૨૪૦૫